# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14-01-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : TUESDAY** **National News**

## આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.

**************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ખેડૂતો ને રાષ્ટ્રનિર્માણમાં શક્તિશાળી ભાગીદાર અને તેમના પ્રયાસો આત્મનિર્ભર ભારત ને મજબૂત બનાવનારા ગણાવ્યા.
2. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે, નિવૃત્ત સૈનિકો રાષ્ટ્રીય ચેતનાના જીવંત સ્તંભો અને આવનારી પેઢીઓ માટે પ્રેરણા સ્ત્રોત છે.
3. ભારતે તેના નાગરિકોને સુરક્ષાના કારણોસર ઈરાનની મુસાફરી ટાળવાની કડક સલાહ આપી છે.
4. છત્તીસગઢના સુકમા જિલ્લામાં આજે ૨૯ માઓવાદીઓએ પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું.
5. ક્રિકેટમાં ભારતે રાજકોટમાં રમાઈ રહેલી શ્રેણીની બીજી એક દિવસીય મેચમાં ન્યૂઝીલેન્ડને 285 રનનો લક્ષ્યાંક આપ્યો.

.............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM PONGAL FESTIVAL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે ખેડૂતો રાષ્ટ્રનિર્માણમાં શક્તિશાળી ભાગીદાર છે અને તેમના પ્રયાસો આત્મનિર્ભર ભારત અભિયાનને મજબૂત બનાવી રહ્યા છે. તેમણે કહ્યું કે કેન્દ્ર સરકાર ખેડૂતોને સશક્ત બનાવવા માટે પ્રતિબદ્ધ છે અને તે માટે અથાક પ્રયાસો કરી રહી છે. માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી ડૉ. એલ. મુરુગનના નવી દિલ્હી નિવાસસ્થાને આજે આયોજિત પોંગલ ઉજવણીમાં બોલતા, શ્રી મોદીએ કહ્યું કે પોંગલ એ જીવંત તમિલ સંસ્કૃતિ અને પ્રકૃતિ સાથેના જોડાણનો ઉત્સવ છે.

**Byte-PM-Farmers**

પ્રધાનમંત્રીએ જણાવ્યું છે કે પોંગલ પ્રકૃતિ , પરિવાર અને સમાજ સાથે સંતુલન સ્થાપિત કરવાનો માર્ગ મોકળો કરે છે.

**Byte-PM-Pongal**

પોંગલ તમિલ લોકજીવનમાં એક આનંદદાયક અનુભવ છે. તે ખેડૂત, પૃથ્વી અને સૂર્યની મહેનત માટે કૃતજ્ઞતાની ભાવનાને મૂર્તિમંત કરે છે. તે આપણને પ્રકૃતિ, પરિવાર અને સમાજ વચ્ચે સંતુલનનો માર્ગ પણ બતાવે છે.

---------------------------------------------------------------------------------------------------

# VP--PONGAL

માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી ડૉ. એલ. મુરુગનના નિવાસસ્થાને આયોજિત પોંગલ ઉજવણીમાં ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને કેન્દ્રીય મંત્રીઓ જગત પ્રકાશ નડ્ડા, જી. કિશન રેડ્ડી અને રામ મોહન નાયડુ ઉપસ્થિત રહ્યા હતા . ઉપરાષ્ટ્રપતિએ સોશિયલ મીડિયા સંદેશમાં નાગરિકોને શુભેચ્છાઓ પાઠવતા કહ્યું હતું કે આ તહેવાર ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો, પ્રકૃતિ પ્રત્યે કૃતજ્ઞતા અને સંવાદિતા અને એકતાની ભાવનાને પ્રતિબિંબિત કરે છે.

પત્રકારો સાથે વાત કરતા શ્રી નડ્ડાએ કહ્યું હતું કે જ્યારે પોંગલ , મકરસંક્રાંતિ અને અન્ય તહેવારો દેશભરમાં અલગ અલગ નામોથી ઉજવવામાં આવે છે.શ્રી જી. કિશન રેડ્ડીએ આ તહેવારને કૃષિ અને પ્રકૃતિનો ઉત્સવ ગણાવ્યો હતો.

શ્રી રામ મોહન નાયડુએ કહ્યું હતું કે દેશવાસીઓ માટે સંસ્કૃતિમાં એકતામાં રહેવું મહત્વપૂર્ણ છે.

---

# Maker sankranti celebration

દેશભરમાં આજે મકરસંક્રાંતિ ખૂબ જ ઉત્સાહથી ઉજવવામાં આવી રહી છે. મકરસંક્રાંતિ શિયાળાના અંત અને લાંબા દિવસોની શરૂઆતનું પ્રતીક છે.આ અંગે સાંભળીએ એક અહેવાલ .....

**V/C અજય ઈન્દ્રેકર**

મકરસંક્રાંતિ એક મુખ્ય ભારતીય તહેવાર છે. તે સૂર્યના ધનુ રાશિમાંથી મકર રાશિમાં સંક્રમણની યાદમાં ઉજવવામાં આવે છે. આ દિવસે, સૂર્ય દક્ષિણાયનથી ઉત્તરાયણ તરફ જાય છે. એવું માનવામાં આવે છે કે આ દિવસે દાન , જાપ અને સ્નાનનું વિશેષ મહત્વ છે. લોકો પવિત્ર નદીઓમાં સ્નાન કરે છે અને તલ , ગોળ, ખીચડી અને કપડાંનું દાન કરે છે. કૃષિ ક્ષેત્રમાં પણ મકરસંક્રાંતિનું ખૂબ મહત્વ છે , કારણ કે આ સમય દરમિયાન રવિ પાક લણણી શરૂ થાય છે. આ તહેવાર સમાજમાં ભાઈચારો અને સંવાદિતાનો સંદેશ આપે છે. દેશના વિવિધ ભાગોમાં મકરસંક્રાંતિ અલગ અલગ નામોથી ઉજવવામાં આવે છે. તમિલનાડુમાં તેને પોંગલ , પંજાબમાં લોહરી , આસામમાં માઘ બિહુ અને ગુજરાતમાં ઉત્તરાયણ કહેવામાં આવે છે. રાજસ્થાન અને ગુજરાતમાં આ દિવસે પતંગ ઉડાડવાની એક ખાસ પરંપરા છે. આમ , મકરસંક્રાંતિ માત્ર એક ધાર્મિક તહેવાર જ નહીં પરંતુ પ્રકૃતિ, કૃષિ અને સામાજિક સંવાદિતાનું પ્રતીક પણ છે. આ તહેવાર આપણને દાન , સંવાદિતા અને સકારાત્મકતાનો સંદેશ આપે છે.

અજય ઈન્દ્રેકર આકાશવાણી સમાચાર અમદાવાદ

---

## PM- **Maker sankranti**

પ્રધાનમંત્રીએ દેશવાસીઓને મકરસંક્રાંતિ , પોંગલ, માઘ બિહુ , લોહરી અને અન્ય તહેવારોની શુભેચ્છાઓ પાઠવી . તેમણે કહ્યું કે આ તહેવારો એક ભારત-શ્રેષ્ઠ ભારતની ભાવનાને મજબૂત બનાવે છે.

Byte-PM-Festival

દેશના વિવિધ ભાગોમાં લોહરી , મકરસંક્રાંતિ, માઘ બિહુ અને અન્ય તહેવારો પણ ખૂબ જ ઉત્સાહથી ઉજવવામાં આવી રહ્યા છે. હું ભારત અને વિશ્વભરમાં મારા બધા તમિલ ભાઈઓ અને બહેનોને પોંગલ અને બધા તહેવારોની ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું.

---

## Rajnath sinh

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું છે કે નિવૃત્ત સૈનિકો રાષ્ટ્રીય ચેતનાના જીવંત સ્તંભો, સામૂહિક હિંમતના પ્રતીકો અને આવનારી પેઢીઓ માટે પ્રેરણા સ્રોત છે. આજે નવી દિલ્હીમાં સશસ્ત્ર દળોના નિવૃત્ત સૈનિક દિવસ નિમિત્તે શ્રી સિંહે કહ્યું કે નિવૃત્ત સૈનિકો રાષ્ટ્ર નિર્માણના દરેક મોરચે યોગદાન આપે છે અને શિસ્ત , નેતૃત્વ અને હિંમત જેવા ગુણો સાથે સમાજને માર્ગદર્શન આપે છે.

શ્રી સિંહે નિવૃત્ત સૈનિકો માટે ગૌરવપૂર્ણ અને સુરક્ષિત જીવન સુનિશ્ચિત કરવા માટે સરકારની પ્રતિબદ્ધતાનો પણ પુનરોચ્ચાર કર્યો.

---

## FUR REV MEA-IRAN ADVISORY

**ભારતે તેના નાગરિકોને સુરક્ષા કારણોસર ઈરાનની મુસાફરી ટાળવાની કડક સલાહ આપી છે. વિદેશ મંત્રાલયે તેની નવી સૂચનામાં જણાવ્યું છે કે ઈરાનમાં બગડતી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને , ભારતીય**

નાગરિકોને ફરી એકવાર ઈરાનની મુસાફરી ન કરવાની કડક સલાહ આપવામાં આવે છે.

મંત્રાલયે ભારતીય નાગરિકો અને ઈરાનમાં રહેતા ભારતીય મૂળના લોકોને સાવચેતી રાખવા અને વિરોધ પ્રદર્શનોવાળા વિસ્તારોની મુલાકાત લેવાનું ટાળવાની પણ સલાહ આપી હતી. મંત્રાલયે ઈરાનમાં રહેતા ભારતીયોને રહેવાસી વિઝા પર ભારતીયોને ભારતીય દૂતાવાસમાં નોંધણી ના કરવી હોય તો નોંધણી કરાવવા જણાવ્યું છે.

તેહરાનમાં ભારતીય દૂતાવાસે કટોકટી હેલ્પલાઇન નંબરો જારી કર્યા છે. આ નંબરો છે: 989128109115; 989128109109; 989128109102; 989932179359. દૂતાવાસનો સંપર્ક cons.tehran@mea.gov.in પર ઇમેઇલ દ્વારા પણ કરી શકાય છે.

---

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---

## CHHATTISGARH-MAOISTS

છત્તીસગઢના સુકમા જિલ્લામાં આજે ૨૯ માઓવાદીઓએ પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું. આત્મસમર્પણ કરનારા માઓવાદીઓમાંથી એક પર બે લાખ રૂપિયાનું ઇનામ હતું. આત્મસમર્પણ કરનારા માઓવાદીઓ ગોગુંડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સક્રિય દર્ભા ડિવિઝનના સભ્યો હોવાનું જાણવા મળે છે.

પોલીસ અધિક્ષક કિરણ ચવ્હાણે જણાવ્યું હતું કે તે બધા માઓવાદીઓ સાથે સંકળાયેલા વિવિધ બનાવોમાં સામેલ હતા.

આત્મસમર્પણ કરનારા માઓવાદીઓને રાજ્ય સરકારની પુનર્વસન નીતિ હેઠળ પચાસ હજાર રૂપિયાની પ્રોત્સાહન રકમ અને અન્ય સુવિધાઓ આપવામાં આવશે.

---

## PREZ-PUNJAB RAJASTHAN

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આવતીકાલથી પંજાબ અને રાજસ્થાનના બે દિવસની મુલાકતે જઈ રહ્યા છે. રાષ્ટ્રપતિ મુર્મુ આવતીકાલે અમૃતસર ખાતે ગુરુ નાનક દેવ યુનિવર્સિટીના ૫૦મા વાર્ષિક દીક્ષાંત સમારોહમાં ઉપસ્થિત રહેશે.

શુક્રવારે રાષ્ટ્રપતિ જલંધર ખાતે ડૉ. બી.આર. આંબેડકર નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીના 21મા દીક્ષાંત સમારોહમાં ઉપસ્થિત રહેશે. તે જ દિવસે , તેઓ જયપુર ખાતે રામાનંદ મિશન દ્વારા આયોજિત 1008 કુંડિયા હનુમાન મહાયજ્ઞમાં હાજરી આપશે.

---

## ASEAN-ADMM

16મી આસિયાન સંરક્ષણ મંત્રીઓની પરિષદ હેઠળ આતંકવાદ વિરોધી નિષ્ણાત કાર્યકારી જૂથની બેઠક આજે નવી દિલ્હીમાં શરૂ થઈ.

ભારત અને મલેશિયા આ બેઠકની સહ-અધ્યક્ષતા કરી રહ્યા છે. 11 આસિયાન સભ્ય દેશો અને સાત ભાગ લેનારા દેશોના પ્રતિનિધિઓ , આસિયાન સચિવાલયના પ્રતિનિધિઓ આ બેઠકમાં ભાગ લઈ રહ્યા છે.

આ પ્રસંગે , સંરક્ષણ મંત્રાલયના સંયુક્ત સચિવ અમિતાભ પ્રસાદે જણાવ્યું હતું કે આતંકવાદ સામે લડવાના સામૂહિક પ્રયાસો પ્રદેશમાં શાંતિ અને સમૃદ્ધિ નક્કી કરશે. તેમણે વધુમાં કહ્યું કે બેઠક દરમિયાન, આતંકવાદ વિરોધી કામગીરી અને ગુપ્તચર માળખામાં શ્રેષ્ઠ પ્રથાઓ , તેમજ તાલીમ અને ક્ષમતા નિર્માણ પ્રયાસોની આપલે કરવામાં આવશે.

---

## CRICKET- ODI TARGET

**ક્રિકેટમાં યજમાન ભારતે રાજકોટ માં રમાઈ રહેલી શ્રેણીની બીજી એક દિવસીય મેચમાં ન્યૂઝીલેન્ડને 285 રનનો લક્ષ્યાંક આપ્યો છે.**

**પ્રથમ બેટિંગ કરતા ભારતે નિર્ધારિત 50 ઓવરમાં સાત વિકેટ ગુમાવીને 284 રન બનાવ્યા. કેએલ રાહુલે અણનમ 112 રન બનાવ્યા હતા. ન્યુઝીલેન્ડે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો હતો. હાલ મળતા સમાચાર મુજબ ન્યુઝીલેન્ડે 2 વિકેટે 29 ઓવરમાં 141 રન બનાવ્યા છે.**

---